અપીલ અરજી નં.૯૧ તા.૪–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી રામજીભાઈ કલ્યાણભાઈ ઢીમર

સામાવાળાઃ–શહેર વિકાસ અધિકારી અને અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રામજીભાઈ કલ્યાણભાઈ ઢીમરની તા.૧૧–૫–૦૯ ની અરજીથી વોર્ડ નં.૧૨ નોંધ નં.૨૩૬૫ ઉપર થયેલ બાંધકામના મંજુર પ્લાન તેમજ તેને આનુષાંગિક બીજા દસ્તાવેજી પુરાવાની નકલ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૭–'૦૯ ની અપીલ અરજી નં.૯૧/૨૦૦૯–૧૦

શ્રી રામજીભાઈ કલ્યાણભાઈ ઢીમરની તા.૧૧–૫–૦૯ ની અરજીથી વોર્ડ નં.૧૨ નોંધ નં.૨૩૬૫ ઉપર થયેલ બાંધકામના મંજુર પ્લાન તેમજ તેને આનુષાંગિક બીજા દસ્તાવેજી પુરાવાની નકલ આપવા બાબતે મળેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૭–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૫૧ તા.૮–૭–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ તથા અરજદારને કઈ માહિતીથી નારાજગી છે તે અંગે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૫૧૫ તા.૨૩–૭–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જયારે અરજદારે કોઈ પૂરક વિગતો પૂરી પાડેલ નથી.

અરજદારની તા.૧૧–૫–૦૯ ની અરજીથી અરજદારેવોર્ડ નં.૧૨ નોંધ નં.૨૩૬૫ ઉપર થયેલ બાંધકામના મંજુર પ્લાન તથા તેને આનુષાંગિક અરજી તથા બીજા દસ્તાવેજી પુરાવાની નકલની માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૬૫ તા.૫–૬–૦૯ થી અરજદારને " વોર્ડ નં.૧૨ નોંધ નં.૨૩૬૫ વાળી જગ્યામાં બાંધકામ પ્લાન મંજુરી અંગેની કોઈ વિગત અત્રેના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં મળેલ નથી." તેવી માહિતી આપવામાં આવેલ છે જેના અનુસંધાને અરજદારે અપીલ અરજીમાં સદરહુ મિલ્કતમાં અમો સહમાલિક તરીકે સીટી સર્વે રેકર્ડમાં અરજી કરેલ છે અને સહમાલિક રહેલા છીએ. શ્રી રામજીભાઈ ઢીમરે નવેસરથી મિલ્કત બાંધવાની શરૂઆત કરેલ છે. જે અંગે ટાઉન પ્લાનીંગ અને સેન્ટ્રલઝોન અધિકારીને તા.૬–૫–૦૯ ના રોજ વાંધા અરજી આપેલ. તેમજ તા.૧૯–૫–૦૯ ના રોજ બાંધકામ અટકાવવા અરજી આપેલ અને બાંધકામની પરવાનગી અંગે કોઈ પણ પ્રકારની સંમતિ આપેલ નથી તેમ છતાં બાંધકામ તોડી પાડવામાં આવેલ નથી કે અટકાવવામાં આવેલ નથી સદરહુ મિલ્કતમાં નવું બાંધકામ કરવા માટે કરેલ અરજીના સમર્થનમાં રજૂ કરેલ દસ્તાવેજ પુરાવા અને મંજુર કરેલ પ્લાન અંગેની નકલોની માંગણી કરેલ છે. તેમજ તે અંગે નોટીસો અરજીઓ આપેલ હોય તો તેની નકલો પણ અપીલ તબકકે માંગણી કરેલ છે. આ રીતે અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી નવા બાંધકામ કરવા માટે કરેલ અરજીના સમર્થનમાં રજૂ કરેલ દસ્તાવેજ અને નોટીસ અરજીઓ અંગે વધારાની માંગણી કરેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને મૂળ અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઉપલબ્ધ દફતરી હકીકત અનુસાર પૂરી પાડેલ જણાય છે જેથી અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પ્રશ્નો અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

તકરાર નિવારણ અંગે અરજદાર સક્ષમ સત્તાને રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ –૦૯

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રામજીભાઈ કલ્યાણભાઈ ઢીમર,